**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૯/૦૪/૨૦૧૬ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૯૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૭૬ લીટર દેશી દારૂ, ૧૫૦ બોટલ ઈંગ્લીશ, ૪૭૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૦૮ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૯૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૯૯/૧૬**

**ક્રાઇમ બ્રાન્ચઃ** રાકેશભાઈ અંબાલાલ પટેલ (ઉ.વ.૪૮)(રહે.સરસ્વતીનગર સોસાયટી, રેલ્વે ક્રોસિંગ સામે, ડી-કેબીન સાબરમતી) એ તા.૨૮/૪/૧૬ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સપ્ટેમ્બર ૨૦૧૪ થી તા.૨૨/૦૬/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રોહીત ખુશાલ વાસવાણી (ટી.સી.એસ. કંઝુમર ઈલેક્ટ્રોનીકસ એલ.એલ.પી.નામની કંપનીના ડાયરેકટર) (રહે.અમોધ વસુધારા સોસાયટી, સાતમો માળ, જુહુ, મુંબઈ) નાએ ટી.સી.એસ.કંઝુમર ઈલેક્ટ્રોનીકસ એલ.એલ.પી નામની કંપનીના લોગોનો ઉપયોગ કરી, રાકેશભાઇને તેમજ અન્ય વેપારીઓને વિશ્વાસમાં લઈ, એ.સી. પેટે રાકેશભાઇ પાસેથી એડવાન્સ ચેક દ્વારા રૂપિયા ૫૫,૦૦,૦૦૦/- મેળવી લીધા બાદ ફકત રૂપિયા ૩૩,૦૦,૦૦૦/- ની ઈલેક્ટ્રોનીક્સ આઈટ્મો મોક્લી અને બાકીના રૂપિયાની ઇલેક્ટ્રીક્સ આઇટમો નહિ આપી તેમજ બાકીના નાણા પરત નહિ કરી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ પો.સ.ઇ.શ્રી જે.એન.ગોસ્વામી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ -** **સમાચાર યાદી નં.૮૦૦/૧૬**

**સાબરમતીઃ** ગીતાબહેન જયંતીભાઈ પટેલ (ઉ.વ.૫૬) (રહે.ઈન્દ્રપ્રસ્થ વિશાલ રેસીડન્સી સામે આનંદ પાર્ટી પ્લોટ ન્યુ રાણીપ) તા.૨૮/૪/૧૬ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે ન્યુ રાણીપ કાલુપુર સ્વામિનારાયણ મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગીતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગીતાબહેન પટેલે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી કે એમ છાસીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઈસનપુરઃ** હસુમતીબહેન હસમુખભાઈ ભોઈ (ઉ.વ.૪૭) (રહે.કર્મભુમી ટેનામેન્ટ, નવરંગ ટેનામેન્ટની સામે, મોની હોટલના ખાંચામાં, વટવા) તા.૨૮/૪/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ઈસનપુર વેરાઈ માતાના મંદિર પાસે, રાજસ્થાન સાડીની દુકાન સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હસુમતીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હસુમતીબહેન ભોઈ એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૦૧/૧૬**

**ચાંદખેડાઃ** પુષ્પાબહેન પ્રકાશભાઈ પારધી (ઉ.વ.૩૦) (રહે.ગણેશનગર નર્સરી મોટેરા ચાંદખેડા) તા.૨૭/૪/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર ચા બનાવતા હતા ત્યારે ચાલુ પ્રાયમસમાં કેરોસીન ભરતા, પ્રાયમસમાં ભડકો થતા, શરીરે દાઝી જતાં, સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૮/૪/૧૬ બપોરના ૪/૨૦ વાગે પુષ્પાબહેનનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૦૨/૧૬**

**રીવરફ્રંટ વેસ્ટઃ** જોનભાઈ ભાઈલાલભાઈ ખ્રીસ્તી (ઉ.વ.૪૦) (રહે.પ્રતિક્ષા એપાર્ટમેન્ટ ભુયંગદેવ ચાર રસ્તા પાસે ઘાટલોડીયા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૮/૪/૧૬ બપોરના ૩/૪૦ વાગ્યા પહેલા કોઈ પણ સમયે ગાંધીબ્રીજ નીચે સાબરમતી નદીના પશ્ચીમ કિનારે નદીમાં પડી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી જી ડાભી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)